# બુધવાર, તા.૧લી જુલાઇ, ૨૦૨૬

## ૩૯૧.સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિની બેઠક :-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિની પ્રાથમિક બેઠક મંગળવાર, તા.૦૯/૦૬/૨૦૨૬ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે ગુજરાત વિધાનસભા સચિવાલયના ચોથા માળે આવેલ સમિતિ ખંડ-૨માં મળી હતી.

સમિતિની બેઠકની શરૂઆતમાં પંદરમી ગુજરાત વિધાનસભાના વિદ્યમાન માનનીય સભ્યશ્રી યોગેશભાઈ પટેલના દુ:ખદ અવસાન અંગે સમિતિના માનનીય પ્રમુખશ્રી, હાજર તમામ સભ્યશ્રીઓ તથા અધિકારી/કર્મચારીઓએ પોતાના સ્થાન પર ઊભા થઈને સ્વર્ગસ્થ ધારાસભ્યશ્રીને શ્રધ્ધાંજલી પાઠવી હતી.

સમિતિની પ્રાથમિક બેઠકની શરૂઆતમાં પ્રમુખશ્રીએ સૌ સભ્યશ્રીઓને આવકારતું પ્રવચન કર્યુ હતું અને આ સમિતિના તમામ નવનિયુક્ત સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા. ત્યારબાદ સમિતિના કાર્યો વિષે સર્વે સભ્યશ્રીઓને માહિતગાર કરી સમિતિ સમક્ષના બાકી કામકાજની ચર્ચા વિચારણા કરી હતી અને સમિતિના સર્વે સભ્યશ્રીઓનો આભાર માન્યો હતો.

સમિતિનો નિર્ણય:-

સમિતિએ તેની આગામી બેઠક તા.૨૩/૦૬/૨૦૨૬ના રોજ રાખવા અને તેમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની ઘનિષ્ઠ વસ્તી ધરાવતા જિલ્લા-તાલુકાઓમાં નર્મદાના પાણીની સુવિધા વિષયક તપાસ હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો.

સમિતિની બેઠક બપોરના ૧૨:૪૦ કલાકે પૂરી થઈ હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડયા,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**